અગત્યનું

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૨/૧૭૦૨-૭૨
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૦૭/૦૨/૨૦૨૨

જીલ્લા શિક્ષણાધિકારી કચેરી
અમરેલી
આવક ક્રમાંક: ૨૪૭
શાખાનું નામ: માધ્ય
તારીખ: ૦૮/૦૨/૨૨
સહી:

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ),
ગુજરાત રાજ્ય.

વિષય: શૈક્ષણિક વર્ષ-૨૦૨૧-૨૨માં ધોરણ-૯ થી ૧૨ ની પ્રિલીમ/દ્વિતીય પરીક્ષા બાબત.

સંદર્ભ:- ૧) અત્રેનો પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૧/૪૩૪૧-૮૪, તા.૦૮/૦૯/૨૦૨૧
૨) અત્રેનો પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૧/૭૨૦૮-૫૨, તા.૨૨/૧૨/૨૦૨૧
૩) શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક:પીઆરઈ/૧૧૨૦૨૦/૧૯૨૯૩૧/ક(પાર્ટ-૧), તા.૦૫/૦૨/૨૦૨૨

ઉપરોક્ત વિષય અન્વયે સંદર્ભ-(૧) દર્શિત અત્રેના પત્રથી શૈક્ષણિક વર્ષ-૨૦૨૧-૨૨ માટે શૈક્ષણિક સત્રના દિવસો, પરીક્ષાની તારીખની વિગતો, પરીક્ષાઓ અંગેની સૂચનાઓ, વેકેશનના દિવસો, જાહેર રજાઓની વિગતો તેમજ બોર્ડની પરીક્ષાની તારીખોની વિગતો જાણ તથા અમલ સારૂ મોકલી આપવામાં આવેલ હતી. શાળાઓમાં અભ્યાસક્રમ પૂરો કરી શકાય તેમજ વિદ્યાર્થીઓને પરીક્ષાની તૈયારી કરવા માટે પુરતો સમય મળી રહે તે હેતુથી સંદર્ભ-(૨) દર્શિત અત્રેના પત્રથી ઉક્ત તારીખોમાં કરેલ ફેરફારની વિગતો જાણ તથા અમલ સારૂં મોકલી આપવામાં આવેલ હતી.

સંદર્ભ-(૩) દર્શિત શિક્ષણ વિભાગના પરિપત્રથી ધોરણ-૯ માં તા.૦૭/૦૨/૨૦૨૨ થી ઓફલાઈન શિક્ષણકાર્ય ચાલુ રાખવાનો નિર્ણય કરવામાં આવેલ છે. ધોરણ-૧૦ થી ૧૨ નું ઓફલાઈન શૈક્ષણિક કાર્ય અત્યારે ચાલુ જ છે. સંદર્ભ-(૧) અને (૨) અન્વયે જણાવેલ ધોરણ-૯ થી ૧૨ ની પ્રિલીમ/દ્વિતીય પરીક્ષા તા.૧૦/૦૨/૨૦૨૨ થી તા.૧૮/૦૨/૨૦૨૨ દરમ્યાન શાળા કક્ષાએ ઓફલાઈન લેવાની રહેશે. ઉક્ત પરીક્ષા દરમ્યાન કોઈ વિદ્યાર્થી Covid-19 ને કારણે બીમાર હોય અથવા તેના કુટુંબમાં કોઈ વ્યક્તિ બીમાર હોય અથવા તે વિદ્યાર્થી કન્ટેન્ટમેન્ટ ઝોનમાંથી આવતો હોય તો તેવા વિદ્યાર્થીઓ માટે શાળા કક્ષાએથી અલગ તારીખો નક્કી કરીને શાળા કક્ષાએથી અલગ પ્રશ્નપત્રો તૈયાર કરાવીને પછીથી પરીક્ષા લેવાની રહેશે. ઉક્ત પરીક્ષામાં પરીક્ષાખંડમાં સામાજિક અંતર

જળવાય તે મુજબ બેઠક વ્યવસ્થા ગોઠવવાની રહેશે. ઉક્ત પરીક્ષા દરમ્યાન સરકારશ્રીની Covid-19 અંગેની ગાઈડલાઈન્સનું પાલન કરવાનું રહેશે.

ઉક્ત વિગતો આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારું મોકલી આપશો.

(બી.એન.રાજગોર)
સંયુક્ત નિયામક

પરિપત્ર: 31

ક્રમાંક:પરક્ષ/ધો.૯થી૧૨/પ્રિલીમ/દ્વિતિય/૨૦૨૨
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અમરેલી તા.૦૯/૦૨/૨૦૨૨

ઉપરોકત પરીપત્રની જાણ તથા અમલ કરવા સારુ.

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચમાધ્યમિક શાળા તમામ,
જિ.અમરેલી.

E:\HK-\Calender\Calender-21-22\પરિપત્ર-કેલેન્ડર ૨૦૨૧-૨૨ - 7-2-2022.docx